૧૦/૦૧/૨૦૧૫

શનિવાર

## 1. જમ્મુ કાશ્મીર : રાજ્યપાલ શાસન

- કાશ્મીરની ૮૭ વિધાનસભ્યોની વિધાનસભામાં કોઇપણ પક્ષ પોતાની ૨/૩ બહુમતી સિધ્ધ ન કરી શકતા રાજ્યપાલશાસન લાદી દેવાયું છે.
- રાજ્યપાલ : એન.એન.વોરા
- રાજ્યમાં અત્યાર સુધીમાં છઠ્ઠી વખત 'ગવર્નર રૂલ' લદાયો.

## 2. ભુતાન વડાપ્રધાન ભારત પ્રવાસે

- ભુતાનના વડાપ્રધાન શેરિંગ તોબગે આવતીકાલ તા-૧૧ જાન્યુઆરી ભારતની નવ દિવસની યાત્રાએ આવશે.

## 3.હરિયાણા સરકારની NRI માટે સુવિધા :

- હરિયણા સરકારે તેમને ત્યાં આવતા બિન નિવાસી ભારતીયો ઉધોગ સાહસીકો માટે દસ ટકા ઔધોગિક પ્લોટ્સ અનામત રાખવાની જાહેરાત કરી છે.
- હરીયાણાએ અત્યાધુનિક સુવુધાઓસાથેની ઔધોગિક વસાહતો વિકસાવી છે.
- તેમાં દસ ટકા ઔધોગિક પ્લોટસ બિનનિવાસી ભારતીયો એન.આર.આઇ.તથા પર્સન ઓફ ઇન્ડિયન આરિજિન માટે અનામત રાખવામાં આવ્યા છે.
- હરીયાણાના મુખ્યમંત્રી: મનોહરલાલ ખટ્ટર.

## 4.શ્રી લંકાના નવા રાષ્ટ્રપતિ :

- મૈત્રીપાલા સિરિસેનાએ શ્રી લંકાના સાતમાં પ્રમુખ તરીકે શપથ લીધા.
- પૂર્વપ્રમુખ મહિન્દ્રા રાજપકસેના ૧૦ વર્ષના શાસનનો અંત આવતા રાજપકસે ત્રીજી ટર્મમાં ના ચુટાયાં.
- ઇન્ડિપેન્ડેન્સ સ્કવેર ખાતે શ્રીલંકાના સાતમાં પ્રમુખ તરીકે સિરિસેનાએ અને વડાપ્રધાન તરીકે રાનિલ વિક્રમાસિંઘે એ શપથ લીધા હતાં.

## 5. આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ : ૨૦૧૫

- આજથી (૧૦/૦૧/૨૦૧૫) આંતરાષ્ટ્રીય પતંગોત્સવની શરૂઆત .
- મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવની શરૂઆત થશે.

- સ્થળ : સાબરમતી રિવરફ્રન્ટ-અમદાવાદ.

## 6. 'ધ લંચબોકસ' ફિલ્મ : ભારતીય ફિલ્મ

- 'ધ લંચબોકસ ને બ્રિટિશ એકેડમી ઓફ એન્ડ ટેલીવિઝન આર્ટ (બાફતા) એવોર્ડ માટે નોમીનેટ કરાઇ છે.
- અભિનેતા : ઇરફાન ખાન
- અભિનેત્રી : નિમૃત્કૌર
- દિગ્દર્શક : રિતેશ બત્રા

## 7.બાનકી મુન

- યુનાઇટેડ નેશન્સના સેક્રેટરી જનરલ
- પ્રથમ વખત ગુજરાતના પ્રવાસે આવશે.

## 8.'વિસ્તારા' એરલાઇન્સ :

- તાતા ગૃપની નવી એરલાઇન્સ 'વિસ્તારા'ના વિમાને દિલ્હી મુંબઇ વચ્ચે પ્રથમ ઉડાન ભરી.
- તાતા ગૃપના જે.આર.ડી તાતા દેશના પ્રથમ લાઇસન્સ હોલ્ડર પાઇલટ હતાં.તેમજ તાતા ગૃપના ભુતપૂર્વચેરમેન પણ હતા.
- દેશમાં એરઇન્ડિયા અને જેટ એરવેઝ બાદ સંપૂર્ણસેવા પ્રદાન કરતી 'વિસ્તારા' ત્રીજી ઉડ્ડયન કંપની બની છે.
- વિસ્તારાના ચેરમેન : પ્રસાદ મેનન.

## 9."હરીભાઇ પંચાલ સેવારત્ન એવોર્ડ" : ૨૦૧૫

- વિજેતા : કુલીનકાંત લુઠિયા: મુબઇ
- ૧૯૮૫ માં ૪૦ વર્ષની યુવાનવયે કુલીનકાંતે ચાર્ટડ એકાઉન્ટન્સીની ધીકતી પ્રેક્ટિસ છોડીને પોતાનું જીવન સમાજસેવામાં આપવાનો સંકલ્પ કર્યો હતો.
- આ ઓવોર્ડ સાહિત્યકાર જ્યોતિબેન થાનકીના હસ્તે સમાજસેવી કુલીનકાંતલુઠ્યિાને એનાયત થશે.